| GJAH070033502022 | | મળ્યા તારીખ. | ૦૭/૧૨/૨૦૨૨ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૦૭/૧૨/૨૦૨૨ | | |
| | | ફેંસલ કર્યા તારીખ | ૦૪/૦૧/૨૦૨૩ | | |
| | सत्यमेव जयते | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | 01 | 00 | 27 |

**<u>ધોળકાના મહે. એડી. જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મુ.ધોળકા</u>**

<u>ફો.કેસ નંબર: ૨૬૪૩/૨૦૨૨</u>

<u>આંક:–</u>

ફરિયાદી:– શ્રી સરકાર.

વિ.

આરોપી:– પ્રતાપભાઈ અજુભાઈ રાઠોડ,
રહે. ગાણોલ, ધોળકા, અમદાવાદ.

**ફરિયાદી તરફે: વિ.એ.પી.પી. શ્રી ઠાકોર**
**<u>આરોપી તરફે: વિ.વ.શ્રી પી. એન. પટેલ</u>**

ગુનો:–**<u>ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.</u>**

–: **<u>ચૂકાદો</u>** :–

૧. ફરિયાદી પક્ષના કેસની હકીકત એવી છે કે આરોપીએ ગઈ તા: ૨૫/૦૬/૨૦૨૧ ના રોજ કલાક ૧૮/૩૦ વાગ્યે મોજે સીમેજ – કોઠ જતા રોડ ઉપર પીર બાબાની દરગાહ નજીક સીમેજ ગામની સીમ ખાતે પોતાના કબજાની ઈકો ગાડી નં. જી. જે. ૩૮–બી. ૯૨૯૩ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સાહેદ અજયભાઈ ભરવાડ તથા ભનુભાઈ ભરવાડનાઓને પોતાનું મો. સા. નં.જી. જે. ૦૧–

એલઝેડ. ૩૪૬૧ની સાથે ભટકાડી, સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન સાહેદ ભનુભાઈ ભરવાડનું મોત નિપજાવી, ગુનો કરી ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કર્યા બાબતેની ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસના અંતે સદરહુ ગુનાના મુજબનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

૨. સમન્સની પ્રકિયા દરમ્યાન આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેતા આરોપીને સી. આર. પી. સી. ની કલમ–૨૦૭ની જોગવાઈઓને આધીન તમામ પોલીસ પેપર્સની નકલો અદા કરવામાં આવેલી છે. ત્યારબાદ આંક: ૦૪થી સદરહુ ગુના વિશે આરોપીનું નિવેદન નોધેલ છે. તેમાં આરોપીએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરલો છે, જેથી તેમની સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલી છે.

૩. હાલનો ગુનો અને તેનો પ્રકાર ધ્યાને લેતા તે સમન્સ ટ્રાયેબલ ગુનો હોય કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલથી હાથ ધરવામાં આવેલી છે.

(એ) **<u>કેસની કાર્યવાહી:</u>**–

| | |
|---|---|
| (૧) બનાવ બન્યા તારીખ | :– ૨૫/૦૬/૨૦૨૧ |
| (૨) ચાર્જશીટ દાખલ તારીખ | :–૦૭/૧૨/૨૦૨૨ |
| (૩) ફરીયાદપક્ષનો પુરાવો શરુ થયા તારીખ | :–૧૩/૧૦/૨૦૨૩ |
| (૪) આરોપીનું વિશેષ નિવેદન તારીખ | :–૧૪/૧૨/૨૦૨૩ |
| (૫) આખરી દલીલ પુર્ણ થયા તારીખ | :– ૧૪/૧૨/૨૦૨૩ |

૪. ફરિયાદી પક્ષ તરફે તેઓનો કેસ તેઓએ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને સદરહુ કામ ફરિયાદીના પુરાવા પર આવતા ફરિયાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

**–: ફરિયાદી તરફે રજૂ મૌખિક પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક: |
|---|---|---|
| ૧. | દેવુબેન ભનુભાઈની જુબાની – સાહેદ | ૦૫ |
| ૨. | ભરતભાઈ બાથાભાઈની જુબાની– સાહેદ | ૦૬ |
| ૩. | ગગુભાઈ બાથાભાઈની જુબાની– સાહેદ | ૦૮ |
| ૪. | અજયભાઈ સગરામભાઈની જુબાની–સાહેદ | ૦૯ |
| ૫. | વાહાભાઈ વિહાભાઈની જુબાની–સાહેદ | ૧૦ |
| ૬. | જયંતીબેન બાથાભાઈની જુબાની–સાહેદ | ૧૧ |
| ૭. | માંડણભાઈ રણછોડભાઈની જુબાની–ફરિયાદી | ૧૨ |
| ૮. | કાનજીભાઈ હરીભાઈની જુબાની–પંચ | ૧૪ |
| ૯. | જુવાનસિંહ રામજીભાઈની જુબાની–તકઅ સાહેદ | ૧૭ |
| ૧૦. | પુનાભાઈ ભોજાભાઈની જુબાની–સાહેદ | ૧૮ |
| ૧૧. | બાધાભાઈ છગનભાઈની જુબાની–સાહેદ | ૧૯ |

**–: ફરિયાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | ધીરુભાઈ રૂપાભાઈનું મરણ પ્રમાણપત્ર | ૦૭ |
| ૨. | ફરિયાદની નકલ | ૧૩ |
| ૩. | પંચનામાની નકલ | ૧૫ |
| ૪. | મરણ પ્રમાણપત્ર | ૨૦ |
| ૫. | કોઝ ઓફ ડેથ | ૨૧ |
| ૬. | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૨૨ |
| ૭. | મરણોત્તર પંચનામુ | ૨૩ |

આ સિવાય ફરિયાદી તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

૫. ફરિયાદ પક્ષની કેસની હકીકત, રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાનમાં લેતા સી. આર. પી. સી. ની કલમ- ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તેઓ સામે પોલીસે ખોટો કેસ કરેલ હોઈને તેઓને છોડી મુકવા અરજ કરેલ છે.

૬. ફરિયાદ પક્ષના કેસની હકીકત, રેકર્ડ ઉપરનો પુરાવો તેમજ બંને પક્ષકારો થકી કરવામાં આવેલ દલીલોને ધ્યાનમાં લેતા આ કામનો આખરી ન્યાયીક ઈન્સાફી અંત આણવા સારુ મારા મંતવ્ય અનુસાર નીચે પ્રમાણેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-: **મુદ્દાઓ** :-

(૧) શું ફરિયાદી પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા: ૨૫/૦૬/૨૦૨૧ ના રોજ કલાક ૧૮/૩૦ વાગ્યે મોજે સીમેજ – કોઠ જતા રોડ ઉપર પીર બાબાની દરગાહ નજીક સીમેજ ગામની સીમ ખાતે પોતાના કબજાની ઈકો ગાડી નં. જી. જે. ૩૮- બી. ૯૨૯૩ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સાહેદ અજયભાઈ ભરવાડ તથા ભનુભાઈ ભરવાડનાઓને પોતાનું મો. સા. નં.જી. જે. ૦૧- એલઝેડ. ૩૪૬૧ની સાથે ભટકાડી, સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન સાહેદ ભનુભાઈ ભરવાડનું મોત નિપજાવી, ગુનો કરી ઈ. પી. કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એ. કલમ- ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

-:નિર્ણય:-

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે પ્રમાણેના છે.

-: કારણો :-

મુદ્દા નં.૧ :-

૯. આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષ, આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ, સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવા જોઈએ. આ કામે જ્યારે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એ.કલમ-૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ હોવા અંગેનો આક્ષેપ છે ત્યારે, ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબીત કરવા જોઈએ -

**કલમ-૨૭૯ ના તત્ત્વો**

૧. જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.
૨. **બેફામપણે** અથવા **બેદરકારીપુર્વક** આવું વાહન ચલાવવુ અથવા આવી સવારી કરવી.
૩. જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

**કલમ-૩૦૪(અ) ના તત્વો.**

૧. કોઈ વ્યક્તિનું મૃત્યુ નિપજ્યુ,
૨. આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આચરેલા કૃત્યના કારણે નિપજ્યુ,
૩. આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો.

**૧૦.** ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિદ્ધાંત છે કે, આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, સ્પષ્ટ છે કે, આરોપી સામે જ્યારે બેફીકરાઈથી વાહન ચલાવી

અકસ્માત કરવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે તે સાબીત કરવું જોઈએ કે, જે બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહ્યા હતા અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યુ અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતુ કે, જેથી આરોપીને અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત ઠરાવી શકાય ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી બની રહે છે. જેમાં એવું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે પ્રથમ આરોપીની બેદરકારી અને ત્યારબાદ એવુ સાબિત કરવાનું રહે છે કે, આરોપીની બેદરકારી અને ભોગ બનનારના મૃત્યુ વચ્ચે સીધો સંબંધ હતો. વધુમાં, જ્યાંસુધી ફરીયાદપક્ષ દ્વારા આ હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી આરોપીનું કૃત્ય બેફામપણે અને બેદરકારીપુર્વકનું હતુ એવું અનુમાન થઈ શકે નહીં.

**(1) R/CRIMINAL APPEAL NO. 338 of 2010**
**BHARATSINH SOMABHAI BAMAN**
**Versus**
**STATE OF GUJARAT**
Date : **04/09/2023**

[7.1] Upon perusal of the complaint and the evidence of the complainant, Nasirkhan Pathan (PW-4) and Investigating Officer Kamabhai Amratbhai, no one has deposed or uttered a whisper about rash and negligent driving of the accused. **Merely the complainant has stated in the complaint and deposed that the applicant-accused was driving the S.T. Bus in full speed but the speed of the vehicle would not amount to rashness or negligence. In the offence under Section 304-A or 279 of the IPC, prosecution must have to prove that the accused was driving the vehicle in rash and negligent manner.** Admittedly, the prosecution witnesses have not stated anywhere in the evidence that the offending vehicle was driven by the accused in rash and negligent manner. Learned trial Court as well as the learned appellate Court have also relied on the doctrine of res ipsa loquitur but it is needless to say

that even in the panchnama of scene of offence, no any detail is stated. The width of the road is 22 feet and is a one way road. Both the vehicles were proceeding in the same direction. It is admitted fact that the defence has not put any effort to prove any contributory negligence on the part of deceased however, **in a criminal trial prosecution has to stand on its own leg, prosecution cannot take advantage of weakness of defence.** Both the Courts below have relied on the doctrine of res ipsa loquitur but in absence of any material on the record, no presumption of rashness or negligence could be drawn by invoking the maxim or doctrine of res ipsa loquitur. **In the case of State of Karnataka vs. Satish reported in (1998) 8 SCC 493, the Hon'ble Supreme Court has been pleased to hold that there was no any evidence on record to establish rash and negligent driving of the vehicle on the part of the accused, no presumption can be drawn and it is for the prosecution to prove and establish rashness or negligence on the part of the accused before conviction under Section 304-A or 279 of the IPC.**

**(2)** R/CRIMINAL APPEAL NO. 1360 of 2011
DALAPATBHAI RAMESHBHAI VASAVA
Versus
STATE OF GUJARAT
Date : 22/06/2020

**27.** On appreciating the oral evidence of the injured witnesses, it is clearly found that every witness has emphasized on **<u>the fact that tempo was being driven at a high speed and due to that driver has lost control over tempo near the place of occurrence.</u>**At this juncture, it is worthwhile to refer to the decision of Honourable Apex Court in the case of **Mrs.Shakila Khader And Ors. vs Nausheer Cama And Ors. Reported in AIR 1975 SC 1324, 1975(4) SCC 122,** wherein it was observed that **<u>main criteria for deciding</u>**

**whether driving which relate to accident was rash and negligent is not only the speed** but the width of the road, density of the traffic etc. Further in the case of **State of Karnataka v. Satish (supra), the Honourable Supreme Court has held that merelybecause truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. "High Speed" is a relative term and criminality is not to be presumed subject of course to some statutory exceptions. In absence of any material on record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "ras ipsa locutar".**

**(3)** G.L.H. 2007(3) 561,
STATE OF GUJARAT
Versus
MAHMAD SARIF UMAR GAJAL MUSLIM,

A scrutiny of the evidence brought on record by the prosecution as reproduced herein above, reveals that what has been brought on record is the fact that an accident took place, that the accused was driving the tempo, the deceased persons were coming on a bicycle which dashed against the tempo on the righthand side, they sustained injuries and later succumbed to them. **A cumulative scrutiny of the entire evidence on record does not point towards rash and negligent driving on the part of the accused.** As has been held in state of Gujarat vis Dr **Maltiben Valjibhai shah (Supra)** to constitute an offence under section 304-A of the Indian penal code, it is necessary for the prosecution to etstablish that the act of the accused is **rush** or **negligent** and by such act the death has occurred and that act does not amount to culpable homicide. {PARA:16}

૧૨. હવે, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ ઉપરોક્ત ચુકાદાઓ તેમજ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા કરવામાં આવે તો,

ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે, આ કામે આંક–૦૫ થી સાહેદ દેવુબેન ભનુભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, આજથી બે વર્ષ અગાઉ છઠ્ઠા મહીનામાં ૨૦૨૧માં ૨૫ તારીખે તેઓના પતિ ભનુભાઈ બાઈક લઈ અજય સાથે ચીરીપાલ કંપનીએ નોકરીએ જતા હતા ત્યારે ધોળીવાળા રોડ પર સાંજના ૬/૩૦ વાગ્યે અકસ્માત થયેલ ત્યારે તેણી ઘરે હતી અને કોઈને તેણી પર ફોન આવતા તેણીને બનાવની જાણ કરેલ અને તેણીના પતિ અને અજયને હોસ્પીટલે લઈ ગયેલ. બાદ તેણીના પતિ મરણ ગયેલ અને તેઓની બોડીનું પી. એમ. કરેલ અને લાશ તેઓના પરીવારજનોને સોંપી તેમની અંતિમવિધીથી કાર્યવાહી કરવામાં આવેલ.

જયારે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, બનાવ સમયે તેણી ઘરે હતી અને બનાવની જાણ ફોન ધ્વારા કોઈએ તેણીને કરેલ અને બનાવની તેણીને કોઈ જાતમાહિતી નથી.

આમ, સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓના પતિના બાઈકનું ઈકકો ગાડી સાથે અકસ્માત થયેલાની કોઈએ ફોન ધ્વારા તેણીને જાણ કરેલ અને તેણીના પતિનું અકસ્માતમાં અવસાન થયેલાની હકીકત જણાવે છે. પરંતુ બનાવ સમયે તેણી ઘરે હતી અને બનાવની જાણ ફોન ધ્વારા કોઈએ તેણીને કરેલ અને બનાવની તેણીને કોઈ જાતમાહિતી નથી. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી સાહેદનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૧૨.૧)** આ કામે આંક–૦૬ થી સાહેદ ભરતભાઈ બાથાભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ

છે કે, સને–૨૦૨૧માં ભનુભાઈના અકસ્માતનો બનાવ બનેલો. ભનુભાઈ બાઈક લઈ અજય સાથે ચીરીપાલ કંપનીએ નોકરીએ જતા હતા ત્યારે કોઠ રોડ જતા પીરબાબાની દરગાહની સામે અકસ્માત થયેલ. તેઓને પાછળથી જાણવા મળેલ કે આ અકસ્માત ઈકકો ગાડી સાથે સાંજના ૬/૩૦ વાગ્યે થયેલ અને તેઓ બનાવ સમયે ચીરીપાલ કંપનીમાં હતા અને બનાવની જાણ થયેલ અને કોઈએ કહેલ કે તારા ભાઈ ભનુનો અકસ્માત થયેલ છે એટલે તેઓ સીધા અકસ્માતવાળી જગ્યાએ જઈ જોયેલ તો તેઓના ભાઈનું બાઈક તુટેલી હાલતમાં પડેલું અને ઈકકો ગાડી પણ પલ્ટી મારેલ હાલતમાં હતી અને બનાવવાળા સ્થળે તેઓના ભાઈ કે અજયભાઈ હતા નહીં અને તેઓને હોસ્પીટલે લઈ ગયાની જાણ થતા તેઓ ધોળકા હોસ્પીટલે જઈને જોયેલ તો અજયભાઈ અને ભનુભાઈની સારવાર ચાલુ હતી. બાદ ડોકટરે તેઓના ભાઈને મરણ જાહેર કરેલ અને અજયભાઈને વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયેલ. બાદ તેઓના ભાઈની લાશની પી. એમ. ની કાર્યવાહી કર્યા બાદ અંતિમવિધી માટે ડેડ બોડી તેઓને સોંપેલ.

જયારે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ નોકરી પર હતા અને બનાવની જાણ તેઓને કોઈએ કરેલ અને બનાવની તેઓને કોઈ જાતમાહિતી નથી.

આમ, સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓના ભાઈના બાઈક સાથે અકસ્માત થયેલાની કોઈએ ફોન ધ્વારા તેઓને જાણ કરેલ અને તેઓના ભાઈનું અકસ્માતમાં અવસાન થયેલાની હકીકત જણાવે છે. પરંતુ બનાવ સમયે તેઓ નોકરી પર હતા અને બનાવની જાણ તેઓને કોઈએ કરેલ

અને બનાવની તેઓને કોઈ જાતમાહિતી નથી. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી સાહેદનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૧૨.૨)** આ કામે આંક–૦૮ થી સાહેદ ગગુભાઈ બાથાભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, આજથી આશરે બે વર્ષ પહેલા તેઓના ભાઈ ભનુભાઈના અકસ્માતનો બનાવ બનેલો. તેઓના ભાઈ ભનુભાઈ બાઈક લઈ અજય સાથે ચીરીપાલ કંપનીએ નોકરીએ જતા હતા ત્યારે અકસ્માતનો બનાવ પીરબાબા દરગાહ આગળ બનેલ. બનાવ સમયે તેઓ તેમના ઘરે હાજર હતા. તેમને રાજુભાઈ રસ્તામાં મળતા તેઓએ તેમન ભાઈનો અકસ્માત થયેલો છે અને તેમને ધોળકા દવાખાને સારવાર માટે લાવેલ છે અને તેમના ભાઈને ડોકટરશ્રીએ સારવાર દરમ્યાન મરણ જાહેર કરેલ અને પી. એમ. ની કાર્યવાહી કર્યા બાદ અંતિમવિધી માટે ડેડ બોડી તેઓને સોંપેલ. અકસ્માત બનાવ બાબતે કેસ થયેલો. અકસ્માતનો બનાવ કંઈ રીતે થયેલ તેની તેમને કોઈ માહિતી નથી.

જયારે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, બનાવ સમયે વાડીએ હતા અને બનાવની જાણ તેઓને રાજુભાઈએ કરેલ અને બનાવની તેણીને કોઈ જાતમાહિતી નથી.

આમ, સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓના ભાઈના બાઈક સાથે અકસ્માત થયેલાની જાણ તેઓને રાજુભાઈએ કરેલ અને તેઓના

ભાઈનું અકસ્માતમાં અવસાન થયેલાની હકીકત જણાવે છે. પરંતુ બનાવ સમયે તેઓ વાડીએ હતા અને બનાવની જાણ તેઓને રાજુભાઈએ કરેલ અને બનાવની તેઓને કોઈ જાતમાહિતી નથી. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી સાહેદનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૧૨.૩)** આ કામે આંક–૦૯ થી સાહેદ અજયભાઈ સગરામભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૨૧માં તેઓ તથા તેઓના મામા ભનુભાઈ બાઈક લઈને ચીરીપાલ કંપનીએ નોકરીએ જતા હતા. બાઈક તેઓના મામા ભનુભાઈ ચલાવતા હતા અને તે પાછળ બેઠેલ. સાંજના ૬/૩૦ વાગ્યે તેઓ ઘરેથી બાઈક લઈને નોકરીએ જવા નીકળેલા અને રોડ પર એક ઈકકો ફાસ્ટ આવી તેઓના બાઈક સાથે અથડાતા અકસ્માત થયેલો. ઈકકો વાહન તેઓના બાઈક સાથે અથડાતા તેઓ પડી ગયેલા અને તેઓને જમણા પગે ગંભીર ઈજા થયેલ અને ભનુભાઈને પણ ગંભીર ઈજા થતા તેઓ ત્યાં જ મરણ થઈ ગયેલા. પડી ગયા પછી તેમને કાંઈ યાદ નથી પણ તેમને કે તેમના મામાને કોણ દવાખાને લઈ ગયેલ અને કેવી રીતે લઈ ગયેલ તે ખબર નથી. તેમને વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયેલ અને તેમના મામાનું ધોળકા મુકામે પી. એમ. ની કાર્યવાહી કર્યા બાદ અંતિમવિધી માટે ડેડ બોડી સોંપેલ. આ અકસ્માતનો બનાવ રૂપગઢ રોડ કોઠવાળા રસ્તે થયેલો. આ અકસ્માત કરનાર વાહન ચાલક કોણ હતું તે તેઓ જોયેથી ઓળખી શકે નહીં. તેઓ બનાવ બાબતે વિશેષ કાંઈ કહેવા માંગતા નથી.

જયારે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, તેમના મામા જે બાઈક ચલાવતા હતા તે કોના નામે હતું તેઓ કહી શકે નહીં

અને અકસ્માત સમયે તેઓ બાઈકમાં પાછળ બેસેલા અને એ દિવસે તેઓ ઘરેથી છ સાડા છ વાગ્યાની આસપાસ નીકળેલા અને બનાવ સમયે થોડું થોડું અંધારું થઈ ગયેલું અને અકસ્માત થતા તેઓ બાઈક પરથી પડી ગયેલ અને બાદ શું થયું તેની તેઓને જાણ નથી અને અકસ્માત કોની સાથે થયેલો તેની તેમને ખબર નથી અને અકસ્માત કરનાર વાહન કયું હતું અને તેના ચાલક કોણ હતા તેની તેઓને ખબર નથી.

આમ, સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓ અને તેઓના મામાના બાઈક સાથે અકસ્માત થતા તેઓને ગંભીર પ્રકારની ઈજા થયેલ તેમજ તેઓના મામાનું અકસ્માતમાં મરણ ગયેલાની હકીકત જણાવે છે. **પરંતુ અકસ્માત કરનાર વાહન ચાલક કોણ હતા તે તેઓ જોયેથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.** આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી સાહેદનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૧૨.૪)** આ કામે આંક–૧૦ થી સાહેદ વાહાભાઈ વિહાભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, આજથી બે એક વર્ષ અગાઉ તેઓના કુટુંબી ભાઈ ભનુભાઈનો અકસ્માતનો બનાવ બનેલો. બનાવના દિવસે તેઓ ઘરે હતા ત્યારે તેઓને રાજુભાઈએ બનાવ બાબતે જાણ કરેલી કે તેઓના કુટુંબી ભાઈ ભનુભાઈ તેમનું બાઈક લઈ અજયભાઈ સાથે ચીરીપાલ કંપનીએ નોકરીએ જતા હતા ત્યારે અકસ્માતનો બનાવ પીરબાબા દરગાહ આગળ સાંજના ૬/૩૦ વાગ્યે બનતા તેઓના કુટુંબી ભાઈ ભનુભાઈને દવાખાને લાવેલા અને તેઓ સારવાર દરમ્યાન મરણ ગયેલ.

આ અકસ્માત બનાવ બાબતે કેસ થયેલો. અકસ્માતનો બનાવ કંઈ રીતે થયેલ તેની તેમને કોઈ માહિતી નથી.

જયારે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ ઘર હતા અને બનાવની જાણ તેઓને રાજુભાઈએ કરેલ અને અકસ્માતનો બનાવ કંઈ રીતે થયેલ તેની તેઓને કોઈ માહિતી નથી.

આમ, સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓના કુટુંબીભાઈના બાઈક સાથે અકસ્માત થયેલાની રાજુભાઈએ તેઓને જાણ કરેલ અને તેઓના કુટુંબી ભાઈ રાજુભાઈનું અકસ્માતમાં અવસાન થયેલાની હકીકત જણાવે છે. પરંતુ બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવની જાણ તેઓને રાજુભાઈએ કરેલ અને બનાવની તેઓને કોઈ માહિતી નથી. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી સાહેદનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૧૨.૫)** આ કામે આંક–૧૧ થી સાહેદ જયંતીબેન બાથાભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, આજથી બે એક વર્ષ અગાઉ તેઓના દિકરા ભનુભાઈનો અકસ્માતનો બનાવ બનેલો. બનાવના દિવસે તેઓ ઘરે હતા ત્યારે તેઓને રાજુભાઈએ બનાવ બાબતે જાણ કરેલી કે ભનુભાઈ તેમનું બાઈક લઈ અજયભાઈ સાથે ચીરીપાલ કંપનીએ નોકરીએ જતા હતા ત્યારે અકસ્માતનો બનાવ પીરબાબા દરગાહ આગળ સાંજના ૬/૩૦ વાગ્યે બનતા તેઓના દીકરાને દવાખાને લાવેલા

અને તેઓ સારવાર દરમ્યાન મરણ ગયેલ. આ અકસ્માત બનાવ બાબતે કેસ થયેલો. અકસ્માતનો બનાવ કંઈ રીતે થયેલ તેની તેમને કોઈ માહિતી નથી.

જયારે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવની જાણ તેઓને રાજુભાઈએ કરેલ અને અકસ્માતનો બનાવ કંઈ રીતે થયેલ તેની તેઓને કોઈ માહિતી નથી.

આમ, સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓના દીકરાના બાઈક સાથે અકસ્માત થયેલાની રાજુભાઈએ તેઓને જાણ કરેલ અને તેઓના દીકરાનું અકસ્માતમાં અવસાન થયેલાની હકીકત જણાવે છે. પરંતુ બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવની જાણ તેઓને રાજુભાઈએ કરેલ અને બનાવની તેણીને કોઈ માહિતી નથી. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી સાહેદનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૧૨.૬)** આંક–૧૨ થી ફરિયાદી માંડણભાઈ રણછોડભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૨૧ ની સાલમાં બનાવ કોઠ – રૂપગઢ રોડ ઉપર પીરની દરગાહ ઉપર બનેલ ત્યારે ભનુભાઈ નોકરીએ જતા સમયે ઈકકો ગાડી સાથે અકસ્માત થયેલો. અકસ્માત બંને ગાડીઓ આમને સામને આવી જતા થયેલો. બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા ત્યારે તેઓના ગામના પૃથ્વીરાજભાઈએ બનાવની જાણ કરતા તેઓ ગાડી લઈ બનાવવાળી જગ્યાએ જઈ ભનુભાઈએ તેઓની ગાડીમાં

હોસ્પીટલે લાવેલ જયાં તેઓ મરણ ગયેલા. જે બાબતની જાણ તેમણે ભનુભાઈના ઘરવાળાને ફોનથી કરેલ, જેથી તે લોકો આવી ગયેલ અને ભનુભાઈની બોડીનું પી. એમ. કરી તેઓની બોડી તેમના પરીવારને સોંપવામાં આવેલ. જે બનાવ બાબતેની ફરિયાદ તેઓને બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક:૧૩ થી ફરિયાદ કામે રજુ રાખેલ છે. ઈકકો ગાડીનો નંબર તેમણે બનાવ સમયે જોયેલો, પરંતુ તે નંબર હાલ યાદ નથી અને ઈકકો ગાડી આરોપી ચલાવતા હતા તેવું તેઓને અકસ્માત સ્થળે હાજર લોકોએ જણાવેલું.

જયારે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, બનાવની જાણ તેઓને પૃથ્વીરાજભાઈએ ફોન ધ્વારા કરેલ અને બનાવ સમયે તેઓ તેઓના ઘરે હોય તેમને બનાવની કોઈ જાતમાહિતી નથી અને બનાવ સમયે ઈકકો ગાડી આરોપી ચલાવતા હતા તે વાતની જાણ તેમને બનાવ સ્થળે હાજર લોકોએ કરેલી અને તેમણે બનાવવાળી જગ્યાએ આરોપીને જોયેલ નહીં.

આમ, ફરીયાદીની જુબાની જોવામાં આવે તો બનાવના દિવસે અકસ્માતની જાણ તેઓને પૃથ્વીરાજભાઈએ કરતા તેઓ બનાવવાળી જગ્યાએ જઈ ભનુભાઈએ દવાખાને લઈ ગયેલ અને ત્યાં તેઓ મરણ ગયેલાની હકીકત જણાવે છે. પરંતુ બનાવ સમયે તેમણે ગાડીનો નંબર જોયેલ પરંતુ હાલમાં તેઓને યાદ નથીં. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત ફરિયાદીની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

૧૩. આ કામે આંક:૧૪ થી પંચ સાહેદ કાનજીભાઈ હરીભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, આજથી બે એક વર્ષ અગાઉ પોલીસ તેઓના ઘરે કાગળ લઈને આવી તેમાં તેમની સહી કરાવેલી. આ સહી તેઓના કાકાનું અકસ્માત થયેલ તે બાબતે પંચનામામાં કરાવેલી. તેમાં શું લખેલ તેની તેમને ખબર નથી. પંચનામુ બતાવતા પંચ તરીકે તેઓએ સહી કરેલ, જે પંચનામુ આંક:૧૫ થી કામે રજુ રાખેલ છે. પોલીસ તેઓને ગુનાવાળી જગ્યાએ લઈ ગયેલ હોય અને તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી.

જયારે સદર સાહેદે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, પોલીસે પંચનામુ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી અને સહી તેઓએ ઘરે કરેલી.

આમ, સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ પંચનામુ કરેલાની હકીકત જણાવે છે. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત પંચની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

૧૪. ઉપરોકત પંચના મૌખિક પુરાવા ધ્યાને લેવામાં આવે તો તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે પોલીસે તેમને તૈયાર પંચનામા સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી અને પંચનામામાં શુ લખેલુ તેની તેમને જાણ નથી.આ સંજોગો માં **૧૯૮૮ (૨)**

**જી.એલ.એચ પાન નં. ૫૧૫** ના ચુકાદામા પ્રતિપાદીત કરેલ સિધ્ધાત મુજબ પંચનામું એ માત્ર સમર્થન કારી (કોરોબોરેટીવ) પુરાવો ગણાય અને માત્ર પંચ સાહેદ ની જુબાની ના સમર્થનમાં જોઈ શકાય તેમજ પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન પંચનામાનો જે ભાગ સાચો હોવાનું જણાવતા હોય તેટલો જ પંચનામાનો ભાગ પુરાવામાં ધ્યાને લઈ શકાય તે સીવાય પંચનામાના કોઈ ભાગ ને ધ્યાને લઈ શકાય નહી. પંચનામા અંગે ના આ સિધ્ધાંતને ધ્યાને લેતા આ કેસમાં જયારે આ કામે પંચ સાહેદો ને ફરીયાદપક્ષ દવારા ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને તેઓની જુબાની થી ફરીયાદપક્ષ ને કોઈ સમર્થન મળતું ન હોય તે સંજોગો માં ફરીયાદપક્ષ આંક–૧૫ નુ સ્થાનીક જગ્યાનુ પંચનામુ સાબીત કરવામાં નીષ્ફળ ગયેલ છે. જેથી પંચોનો પુરાવો જોવામાં આવે તો હાલનો અકસ્માત આ કામે કહેવાતા વાહન ધ્વારા થયેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી ન હોય આ પંચનામાથી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતું નથી.

૧૫. આ કામે આંક:૧૭ થી તકઅ સાહેદ જુવાનસિંહ રામજીભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, સદર કામે પીએસઓ તરફથી વર્ધી મળતા તેઓએ તપાસ સંભાળી હોસ્પીટલેથી પીએમ નોટ મેળવી તથા ઈન્કવેસ્ટ પંચનામુ કરી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ. બાદ સાહેદોના નિવેદનો લઈ સારવાર સર્ટી. તથા પીએમ નોટ મેળવી આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ.

જયારે સદર સાહેદે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, તેઓ બનાવ સ્થળે ગયેલ ત્યારે અકસ્માત કરનાર વાહન સાઈડમાં પડેલુ

અને અન્ય વાહનોની અવર જવર ચાલુ હતી અને સ્થળ પરથી વાહનની ગતી શું હતી તે અંગેનો કોઈ પુરાવો તેઓએ મેળવેલો નહીં અને અકસ્માત કરનાર વાહનના ચાલક કોણ હતા તે અંગેનો કોઈ પુરાવો તેઓની તપાસમાં મળેલ નહીં.

આમ, સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તેઓની ફરજને અનુરુપ કામગીરી કરેલાનું જણાવે છે. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત આ સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

૧૬. આ કામે આંક:૧૮ થી સાહેદ પુનાભાઈ ભોજાભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, બનાવ સને–૨૧ માં સાંજના ૬/૩૦ વાગ્યે ભનુભાઈને બનેલો. ભનુભાઈ બનાવ સમયે તેઓનું વાહન લઈ ચીરીપાલ કંપનીમાં નોકરી પર જતા હતા ત્યારે આ બનાવ રીક્ષા સાથે બનેલો ત્યારે તેઓ તેમની નોકરીએ હતા અને તેઓને મોબાઈલ પર ફોન આવતા અકસ્માતની જાણ થયેલ જેથી તેઓ સીધા અકસ્માતવાળી જગ્યાએ જઈને જોયેલ તો ભનુભાઈ લોહીલુહાણ હાલતમાં પડેલા અને તેમને માથામાં ઈજા થયેલી અને બેભાન અવસ્થામાં પડેલ. આ બનાવમાં ભનુભાઈ એકલા હતા. બાદ ભનુભાઈને દવાખાને લઈ જતા તેઓ મરણ ગયેલા. બનાવવાળી જગ્યાએ ભનુભાઈનું બાઈક પડેલ હતું.

જયારે સદર સાહેદે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો છે કે, તેઓને બનાવની જાણ કોઈ વ્યકિતએ ફોન ધ્વારા કરેલી

અને બનાવ સમયે તેઓ તેમની નોકરી પર હોઈ તેઓને બનાવની જાતમાહિતી નથી.

આમ, સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓને અકસ્માતની જાણ ફોનથી થતા તેઓ અકસ્માતવાળી જગ્યાએ ગયેલ અને ભનુભાઈ મરણ ગયેલા અને તેઓનું બાઈક સ્થળ પર પડેલાની હકીકત જણાવે છે. પરંતુ અકસ્માતવાળો બનાવ તેમણે નજરોનજર જોયેલ ન હોઈને બનાવ કોની ભુલને હીસાબે બનેલ તે તેઓ કહી શકે નહીં. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત આ સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

૧૭. આ કામે આંક:૧૯ થી સાહેદ બાથાભાઈ છગનભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, આજથી આશરે બે વર્ષ પહેલા તેઓના દિકરા ભનુભાઈનો અકસ્માતનો બનાવ બનેલો. તેમને બનાવની જાણ ત્રાહિત લોકો ધ્વારા થયેલી. બનાવ સમયે તેઓ ધરે હાજર હતા અને આ બનાવમાં તેમનો દિકરો ટુ વ્હીલર લઈને કંપનીમાં નોકરીએ જતા પીરદાદાની કોઈ જગ્યાની બાજુમાં અકસ્માતનો બનાવ બનેલો. તેમના દીકરાને અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા હોસ્પીટલે લઈ જતા ડોકટરે મરણ જાહેર કરેલ અને તેમના દીકરાની લાશનું પી. એમ. ની કાર્યવાહી કર્યા બાદ અંતિમવિધી સારું લાશ કુટુંબીજનોને સોંપેલ.

જયારે સદર સાહેદે આરોપી તરફેની ઉ.ત.માં એ હકિકતનો સ્વિકાર કરેલો

છે કે, તેમને બનાવની જાણ ત્રાહિત વ્યકિત દ્વારા થયેલી અને બનાવ સમયે તેઓ તેમના ઘરે હોય તેમને બનાવની જાતમાહિતી નથી.

આમ, સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓને અકસ્માતની જાણ ફોનથી થતા તેઓ અકસ્માતવાળી જગ્યાએ ગયેલ અને ભનુભાઈ મરણ ગયેલા અને તેઓનું બાઈક સ્થળ પર પડેલાની હકીકત જણાવે છે. પરંતુ અકસ્માતવાળો બનાવ તેમણે નજરોનજર જોયેલ ન હોઈને બનાવ કોની ભુલને હીસાબે બનેલ તે તેઓ કહી શકે નહીં. આમ, અકસ્માત હાલના આરોપીએ કરેલ છે તેવી કોઈ હકીકત આ સાહેદની જુબાની પરથી ફલીત થતી નથી. જેથી ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીએ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈઆવતી નથી.

૧૮. આ સંજોગોમાં ફરીયાદી, પંચો તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાનીથી અકસ્માતનો બનાવ બનેલાનું જણાઈ આવે છે, પરંતુ આ અકસ્માત હાલના આરોપીની બેદરકારીથી બનેલો તે અંગે તેઓ તેઓની જુબાનીમાં કોઈ હકીકત જણાવતા ન હોઈ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો પુરાવો મળતો નથી. જેથી તેમની જુબાની પર આધાર રાખી આરોપીની આક્ષેપિત ગુનામાં સંડોવણી હોવાનું તથા આરોપીએ ગઈ તા: ૨૫/૦૬/૨૦૨૧ ના રોજ કલાક ૧૮/૩૦ વાગ્યે મોજે સીમેજ – કોઠ જતા રોડ ઉપર પીર બાબાની દરગાહ નજીક સીમેજ ગામની સીમ ખાતે પોતાના કબજાની ઈકો ગાડી નં. જી. જે. ૩૮– બી. ૯૨૯૩ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સાહેદ અજયભાઈ ભરવાડ તથા ભનુભાઈ ભરવાડનાઓને પોતાનું મો. સા. નં.જી. જે. ૦૧– એલઝેડ. ૩૪૬૧ની સાથે ભટકાડી, સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં

શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન સાહેદ ભનુભાઈ ભરવાડનું મોત નિપજાવી, ગુનો કરી ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોવાનું માની શકાય નહી. વધુમાં **નામ.સર્વોચ્ચ અદાલતની કુલ બેન્ચે "સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ શેરસીંગ" જે ૨૦૦૯(૧) ક્રાઈમ્સ પાન નં.૫** ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે, "When there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could no be sustained." આમ, ફરીયાદી તથા સાહેદો ની સોગંદ ઉપરની જુબાનીથી અકસ્માતનો બનાવ બનેલાનું જણાઈ આવે છે, પરંતુ આ અકસ્માત હાલના આરોપીની બેદરકારીથી બનેલો તે હકીકત ફરિયાદપક્ષ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ના. ઉચ્ચ અદાલતોએ વિવિધ કેસોમાં પ્રસ્થાપીત કરેલ ચુકાદાઓ અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીની આક્ષેપિત ગુનામાં સંડોવણી હોવાનું માની લઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ મુદ્દા નં.૧ નો જવાબ '**નકાર**'માં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૧) અન્વયે આરોપી પ્રતાપભાઈ

અજુભાઈ રાઠોડને ભારતીય દંડ સહિતાની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪ (અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે.તથા ક્રિ. પ્રો.કો.કલમ:– ૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે આરોપીના રુા. ૫૦૦૦/–(અંકે રુપીયા પાંચહજાર) ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુદામાલ અંગે થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>ચુકાદો:–</u>** આજ રોજ તા.૪, માંહે –જાન્યુઆરી, સને –૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ધોળકા.
તા : ૦૪/૦૧/૨૦૨૪

(પી. એમ. જોષી )
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ધોળકા.
કોડ નં. જીજે–૦૧૭૧૬.